| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૧૦/૦૯/૨૦૨૩ રવિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૯૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૨૯૩ લીટર દેશી દારૂ, ૩૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૮ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૮ કેસ કરી, ૫૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૫૫,૪૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૯૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૪૯૯/૨૦૨૩

**સાયબર ક્રાઇમઃ** જયેશ સુરેશભાઇ વકીલ (ઉ.વ.૫૧) (રહે.રાજમંદિર સોસાયટી, પારસનગર બસ સ્ટોપ નજીક વટવા રોડ ઇસનપુર) એ તા.૦૯/૦૯/૨૦૨૩ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૦૭/૨૦૨૩ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન ટેલીગ્રામના માધ્યમથી આરોપી ટેલીગ્રામ આઇ.ડી.ધારક નંબર (૧) @sameeksha18 અને (૨) @custcare8 એ ભેગા મળી makemy trip માં રેટીંગ આપવાના બહાના હેઠળ Sameeksha નામની વ્યક્તિએ ભેગા મળી જયેશ વકીલને ઘર બેઠા પૈસા કમાવાની લાલચ આપી જયેશ વકીલ પાસેથી જોધપુર શાખાનો સેવિંગ બેંક ખાતા નંબર મેળવી લઇ રૂપિયા ૨,૪૬,૧૬,૬૩૭/- અલગ-અલગ ટ્રાન્ઝેકશન કરાવી ટાસ્ક પુરા કરવાના બહાને મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આઇ.રઈશ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૫૦૦/૨૦૨૩**

**બોડકદેવઃ** વિજય સ/ઓ ચંદુભાઇ વાળા (ઉ.વ.૨૪) (રહે. બ્લોક નંબર-૭ મથુરા નગરી ઔડાના મકાન થલતેજ) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૯/૨૦૨૩ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ખમુભાઇ કાનજીભાઇ ચલાવે છે.

**સરદારનગરઃ** સિતાબહેન ડો/ઓ સોનુભાઇ મારવાડી (ઉ.વ.૩૨) (રહે. અંબિકાનગર ચામુંડા માતાના મંદીરની બાજુમાં નોબલનગર સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૯/૨૦૨૩ રાતના ૧૦/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નિલેન્દ્રસિંહ ખાપાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી